ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૧-૨૦૧૫, રવિવાર

તંત્રી સ્થાનેથી....

ઉત્સવની મોસમ છલકે

ગુજરાત ઉત્સવમય બની ગયું છે. દુનિયા આખી ગુજરાતમય બની ગઈ છે. પાટનગરમાં સાત દિવસની દિવાળી આવી છે. રંગબેરંગી વીજપેનલો આખી આખી રાત ઝબૂકતી રહે છે. ગુલાબી ઠંડીનો ચમકારો ચાલુ છે. રાષ્ટ્રપતિએ કોઈ અગમ્ય કારણસર ગુજરાતની પૂર્વ નિર્ધારિત મુલાકાત રદ કરી એટલે એમની જગ્યાએ ઉપરાષ્ટ્રપતિ હામિદ અંસારીએ વિશિષ્ટ ગ્લોબલ ભારતીયોના સન્માનનો કર્મકાંડ નિભાવ્યો. કેરળ બાદ કરતાં કોઈ કોંગ્રેસી મુખ્યમંત્રી પણ ન આવ્યા તેમ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીએ પણ પ્રવાસ રદ કરીને મોદી વિરોધી માનસિકતાનો સંકેત આપી દીધો. જે મુખ્યમંત્રીઓ આવ્યા એમણે પોતપોતાનાં રાજયોમાં નાણાંનિવેશની અહાલેક પોકારી. દુનિયાના ખૂણે ખૂણેથી ખેંચાઈ આવેલા એનઆરઆઈ-પ્રવાસી ભારતીયો તથા અન્ય મહેમાનોની સરભરામાં લેશ પણ ખામી ન રહી જાય એની તકેદારી અને તૈયારી પછી પણ કેટલાંક છિદ્રો તો રહી જ ગયાં. આવડા મોટા આયોજનમાં એવી અછડતી ભૂલો ન થાય તો જ નવાઈ. એથી કેટલાક નારાજ પણ થયા હશે તો કેટલાકે મોટું મન રાખી ગુજરાતના વહીવટીતંત્રની આવી અજાણતાં રહી ગયેલી કચાશને ઉદારતા પૂર્વક દરગુજર કરી દીધી હશે. સૌથી વધારે હાલાકી તો આમજનતાએ ભોગવી છે. એને રોજિંદા વાહનવ્યવહારથી લઈ અનેક પ્રકારની અગવડો પડી હોવા છતાં એણે ઉનો ઉંહકારો નથી કર્યો. હોઈ ભઈ, મોટા લોકો છે. જૂના જમાનાના રાજા-મહારાજા જ સમજોને! મહાત્મા ગાંધીના નામે ઓળખાતા 'મંદિર'માં વીઆઈપી અને વીવીઆઈપીનાં મોભાદાર લટકણિયાં ધરાવનારાઓ માટે જ - આમંત્રિતો માટે જ અનામત રાખવામાં આવેલ પ્રવેશ વ્યવસ્થા સામે સૌથી ઉગ્ર વિરોધ તો ખુદ મહાત્માએ જ કર્યો હોત. પણ એમને તો તા.૩૦ જાન્યુઆરી, ૧૯૪૭ની સાંજે પાંચ-સાડા પાંચના શુમારે નાથુરામ ગોડસેએ ઠાર મારી દીધા હતા.

આજના સમયમાં બ્રાન્ડીંગનો મહિમા વધતો જાય છે. અને દરેક ક્ષેત્રમાં માર્કેટીંગ ચાલે છે - ઉત્સવોની ઉજવણી દ્વારા વ્યકિત અને પક્ષનું માર્કેટીંગ કરવાની નવી કળા - વિકસતી જાય છે.

ગ્લોબલ ટ્રેડ શૉ એ મુલાકાતીઓને પ્રભાવિત કર્યા

દરેક માટે આ શૉમાં 'કંઈક' છે : વરિષ્ઠ નાગરિકો માટે રેસ્ટ પોઈંટ હોવા જોઈએ : કૃષિ ક્ષેત્રે કામ કરતા લોકો માટે ખૂબ ઉપયોગી : વિદ્યાર્થીઓએ અચૂક મુલાકાત લેવી જોઈએ સ્વચ્છતા અભિયાન ચલાવતા તંત્રએ ટ્રેડ શૉમાં ડસ્ટબીનો મુકવાની જરુર

(સમીર રામી દ્વારા) ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં પ્રવાસી ભારતીય દિવસ અંતર્ગત દેશના સૌથી મોટા ગ્લોબલ ટ્રેડ શૉમાં આજે મુલાકાતીઓનો ધસારો વધી જવા પામ્યો હતો. આ મુલાકાતીઓમાં ગુજરાત ભરમાંથી યુવાનો, મહિલાઓ, ધંધાર્થીઓ, વિદ્યાર્થીઓ અને વરિષ્ઠ નાગરિકો પણ ઉમટી રહ્યા છે. આ ગ્લોબલ ટ્રેડ શૉની મુલાકાત લેનારા કેટલાક લોકોને પ્રત્યક્ષ મળી તેમનો અનુભવ જાણવા એક પ્રયાસ કરાયો હતો ત્યારે આ મુલાકાતીઓએ પણ હોંશ ભેર ખુલ્લા મને તેમના અભિપ્રાય આપ્યા હતા.

● રતનસિંહ રાઠોડ - કલોલ તાલુકાના અલુવાના નિવૃત્ત પેરા મેડીકલ

આસીસ્ટન્ટ રતનસિંહ ટ્રેડ શૉમાં આવીને ઘણા પ્રભાવિત થયા હતા આમ તો આ પ્રદર્શન સામાન્ય વ્યકિત માટે વિશેષ ઉપયોગી નથી પરંતુ ધંધાર્થીઓ અને ઉદ્યોગ સાહસિકો માટે ઘણું ઉપયોગી જણાય છે. આ શૉ તેમના કૃષિ વ્યવસાય માટે ખૂબ જ ઉપયોગી લાગી રહ્યું છે. અહીં ટપક પધ્ધતિથી સિંચાઈથી માંડીને કૃષિ વિષયક આંતરિક સામગ્રી અંગે પણ ખૂબ જ અગત્યની માહિતી મળી છે તેવું તેમણે જણાવ્યું હતું.

દેવાભાઈ કેશરભાઈ - રાધનપુરના ૫ વર્ષીય દેવાભાઈના મતે આ પ્રદર્શન ખુબ સારું છે. અને તેમને બહુ જ ગમ્યું છે. તેમના મતે અહીં તંત્ર દ્વારા તમામ સગવડો યોગ્ય રીતે કરવામાં આવી છે જેના કારણે મુલાકાતીઓને પ્રદર્શન જોવામાં ઘણી સહુલીયત રહે છે. તેમની સાથે આવેલા સહ મુલાકાતીઓ પણ આ પ્રદર્શન જોઈ ઘણા પ્રભાવિત થયા હતા.

● હિરલ અને સ્નેહલ - વડોદરા જિલ્લાની સાવલીની એમ.બી. પોલીટેકનિકમાં અભ્યાસ કરતી ૪૦૦ વિદ્યાર્થીનીઓ તેમના શિક્ષક ગણસાથે ટ્રેડ શૉ જોવા આવી હતી. જેમાં કેમેસ્ટ્રીની સ્ટુડન્ટ હિરલ અને ઈંગ્લીશની વિદ્યાર્થીની સ્નેહલે આ ટ્રેડ શૉના ભરપૂર વખાણ કર્યા હતા. તેમના મતે આ ટ્રેડ શૉ દ્વારા સામાન્ય માનવીને નવી નવી શોધો અંગે જાણકારી મળી રહે છે. વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી ક્ષેત્ર અંગે પણ નવું નવું જાણવા મળે છે. તેમના મતે એગ્રીકલ્ચરલ અને આઈટી ક્ષેત્રના ડોમ તેમને સૌથી વધુ પસંદ આવ્યા હતા. આ બંને વિદ્યાર્થીનીઓએ વરિષ્ઠ નાગરિકો માટે આટલા મોટા શૉમાં

અમુક ઠેકાણે 'રેસ્ટ પોઈન્ટ' જેમાં બેસવાની સગવડ હોવી જોઈએ તેની હિમાયત કરી હતી. તેઓ પહેલા પણ ગાંધીનગર આવી ચુકી હતી પરંતુ અત્યારનું ગાંધીનગર તેમને ઘણું આકર્ષક, સગવડભર્યું અને સજાવેલું લાગ્યું હતું. આ વિદ્યાર્થીનીઓએ સરકાર જયારે સ્વચ્છતા અભિયાન ચલાવી રહી છે ત્યારે આટલા મોટા ટ્રેડ શૉમાં અમુક અંતરે ડસ્ટબીનની સગવડ હોવી જોઈએ તેવી ટકોર પણ કરી હતી.

● નિપોન - અમદાવાદથી બેડશીટસના બીઝનેસમેસ નિપોન તેમના કુટુંબીજનો સાથે ટ્રેડ શૉ જોવા આવ્યા હતા. તેમના મતે આ ટ્રેડ શૉમાં દરેક ઈન્ડસ્ટ્રીઆલીસ્ટ માટે કંઈક મેળવવાનું ઉપલબ્ધ છે. સામાન્ય માણસ માટે

(તસવીર : દર્શન રામી)

આ ટ્રેડ શૉ અવેરનેસ આપે છે. પરંતુ જે બીઝનેસમેન અહીં પોતાનું કોઈ વિઝન લઈને આવે છે તને માટે ખૂબ કામનો છે. વળી, વિદ્યાર્થીઓ માટે અહીં ઘણું બધું જાણવાનું છે માટે તેમણે અચૂક મુલાકાત લેવી જઈએ. તેમને આ ટ્રેડ શૉમાં સીકયુરીટી અને ફેસીલીટી એ ખૂબ પ્રભાવિત કર્યા હતા.

હરિની દૃષ્ટિ...

પહેલીવાર આટલી ચકાચોધ મગજ ફરી ગયું !! ડોમે ડોમ ફરી ફરીને ટાંટીયા ફરી ગયા છે !! ફરીથી વાયબ્રન્ટ ફેસ્ટીવલ તરફ ન જવા દેશો... એટલે સારું થઇ જશે...!!

વાયબ્રન્ટ સમિટમાં યુએસ અને યુકેનો દબદબો રહેશે

૧૯૫૮ જેટલા બિઝનેસ ડેલિગેશન્સ આવશે : ૧૦૧ કન્ટ્રીના મહાનુભાવોને સત્કારવાનું સૌભાગ્ય ગુજરાતને મળ્યું છે

ગાંધીનગર, તા.૯

ગુજરાત વાયબ્રન્ટ સમિટમાં વિશ્વના ૧૦૧ દેશોમાંથી કન્ફર્મેશન મળી ચૂક્યું છે. આ દેશોના વિવિધ ડેલિગેશન્સ તેમજ મહાનુભાવો ઉપસ્થિત રહેવાના છે. એ ઉપરાંત ૧૯૫૮ જેટલા બિઝનેસ ડેલિગેશન્સ નોંધાયા છે. આ વખતે અમેરિકા તેમજ બ્રિટનના મહેમાનોની સંખ્યા નોંધપાત્ર જોવા મળી છે. એ સાથે જાપાન અને ઓસ્ટ્રેલિયાના મહેમાનો વધુ પ્રમાણમાં મહાત્મા મંદિરના મહેમાન બની રજ્ઞા છે.

આ સમિટમાં વિવિધ રાજયોના ચીફ મિનિસ્ટર ઉપરાંત ડેલિગેટ્સની સંખ્યા ૧૩૭ થાય છે. ૧૬૪ જેટલા સ્પીકર તેમજ ગેસ્ટ આવવાના છે. ઉદ્યોગ વિભાગના જણાવ્યા પ્રમાણે સીઈઓ કોન્કલેવ્સમાં અત્યાર સુધીમાં ૧૦૨નું રજીસ્ટ્રેશન થયું છે જેમાં બીલ ગેટ્સનો પણ

સમાવેશ થાય છે.

અફઘાનિસ્તાન-૫૨, ઓસ્ટ્રેલિયા-૧૭૫, ભૂતાન-૨૧, બેલ્જિયમ-૧૩, કેનેડા-૯૦, ચાઈના-૧૦૧, ડેન્માર્ક-૫૪, ફિનલેન્ડ-૧૬, ફ્રાન્સ-૫૪, જર્મની-૪૨, ઈન્ડિયા-૩૨૭, ઈન્ડોનેશિયા-૧૩, ઈઝરાયલ-૪૬, ઈરાન-૧૨, ઈટાલી-૫, જાપાન-૧૭૮, કુવૈત-૧૦, નેપાલ-૧૯, નેધરલેન્ડ-૧૧૫, ઓમાન-૧૩, ન્યૂઝિલેન્ડ-૦૧, પોલેન્ડ-૪૩, રશિયા-૫૬, સિંગાપોર-૧૨૪, સાઉથ આફ્રિકા-૧૧, મ્યાનમાર-૦૬, સાઉથ આફ્રિકા-૧૧, સ્વિડન-૩૯, શ્રીલંકા-૦૭, તૈવાન-૫૩, થાઈલેન્ડ-૧૨, યુકે-૧૭૫, યુએન-૪૩, યુએસ-૨૪૦, વિયેતનામ-૦૪, સ્વિટ્ઝર્લેન્ડ-૧૧, કેન્યા-૦૪

હીરામણી મીડિયા ઈન્સ્ટીટ્યુટનો પદવીદાન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર-સરખેજ હાઈવે પર આવેલ હીરામણી ઈન્સ્ટીટ્યુટ ઓફ મીડિયા એજ્યુકેશન એન્ડ રિસર્ચ દ્વારા પી.જી. ડિપ્લોમાં ઈન માસ કોમ્યુનિકેશન જર્નાલીઝમના વર્ષ-૨૦૧૦-૧૨, ૨૦૧૨-૧૩, ૨૦૧૩-૧૪માં ઉત્તિર્ણ થયેલા ૨૬ વિદ્યાર્થીઓ તથા પીએચડી થયેલા ૩ વિદ્યાર્થીઓનો ચોથો પદવીદાન સમારંભ કેમ્પસના કોન્ફરન્સ હોલમાં યોજાયો હતો. જેમાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એમ.એન. પટેલ અને જનસાહાયક ટ્રસ્ટના પ્રમુખ નરહરિભાઈ અમીન અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા.

આ પદવીદાન સમારંભમાં પીએચડી કરનાર ૩ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલથી સન્માનિત કરાયા હતા. તેમાં ધિમંત ગજેન્દ્રભાઈ પુરોહિત, દૃષ્ટિ ભરતભાઈ પટેલ અને અનિલ શાંતિલાલ દશાણીનો સમાવેશ થાય છે. આ સંસ્થાના અત્યાર સુધીમાં ભણેલા ૩૨૯ વિદ્યાર્થીઓ મીડિયામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે અને છેલ્લા ૧૨ વર્ષમાં ડૉ. ચંદ્રકાંત મહેતાના માર્ગદર્શન હેઠળ ૯ વિદ્યાર્થીઓએ પીએચ.ડીની પદવી મેળવી છે. આ સમારોહમાં જર્નાલીઝનના ૩ વિદ્યાર્થીઓને ગોલ્ડ, ૩ વિદ્યાર્થીને સિલ્વર અને ૩ વિદ્યાર્થીને બ્રોન્ઝ મેડલ એનાયત કરાયા હતા.

જિલ્લાના શિક્ષકોના ગુણવત્તાલક્ષી શિક્ષણ માટે ચિંતન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા 'યુનિટી ફોર ક્વોલીટી એજ્યુકેશન' શિક્ષણની ગુણવત્તા સુધારણા 'ચિંતન શિબિર' તથા તૃતિય જનરલ શૈક્ષણિક અધિવેશનનુંઆયોજન ૧૬ જાન્યુઆરી-૨૦૧૫ ના રોજ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા રાજ્ય કક્ષાના મંત્રી નાનુભાઈ વાનાણી અનેપ્રાથમિક શિક્ષણ નિયામક આર.સી. રાવલ તથા ગુ.રા.પ્રા. શિ. સંઘના પ્રમુખ ચંદુલાલ જોષી તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં સેક્ટર-૧૨ની સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર માધ્યમિક શાળા ખાતે જિલ્લાના તમામ શિક્ષકોની ઉપસ્થિતિમાં યોજાશે.

રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી નાનુભાઈ વાનાણીની ઉપસ્થિતિમાં ૧૨ ડિસેમ્બર-૨૦૧૪ના રોજ ગ્રામભારતી ખાતે યોજાયેલ ચિંતન શિબિરના અનુસંધાને શિક્ષણની ગુણવત્તા સુધારવા બાબતે ગાંધીનગર જિલ્લાને પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદ કરતાં શિક્ષણ સાથે જોટાયેલ તમામ અધિકારીઓ/પધાધિકારીઓ, સી.આર.સી., બી.આર.સી., તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ અને જિલ્લા પ્રોજેક્ટ કચેરી તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના સંયુક્ત પ્રયત્નોથી શિક્ષણની ગુણવત્તામાં સુધારો લાવવાના આશયથી અને ગાંધીનગર જિલ્લાને રાજ્યમાં પ્રથમ હરોળમાં લાવવાના ભાગરૂપે ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાઓના તમામ પ્રાથમિક શિક્ષકોનો શૈક્ષણિક સેમિનાર, મહાનુભાવોની ઉપસ્થિતિમાં ચિંતન શિબિરનું આયોજન જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કરવામાં આવ્યું હતું. તથા તૃતિય જનરલ શૈક્ષણિક અધિવેશનનું પણ આયોજન કરેલ છે.

@ ગાંધીનગર

- ટ્રેડ શો માં આવેલી ફૂટકોર્ટમાં ભારે ભીડ થતા અવ્યવસ્થા સર્જાઈ હતી.
- આયુર્વેદિક અને ફાર્મા સ્યુટીકલના સ્ટોલ પર વિશેષ ભીડ ઉમટી હતી.

- મુલાકાતીઓ માટે આખા ટ્રેડ શો માં બેસવાની કોઈ જ વ્યવસ્થા ન હોવાથી મુલાકાતીઓ ગમે ત્યાં છાંયડો શોધી લોનમાં જ નીચે બેસી ગયા હતા.
- ટ્રેડ શો માં ઉભી કરવામાં આવેલ વિવિધ કોફી શોપમાં ભાવ વધારો લેવાતા હોવાની પણ બુમરાણ થઈ હતી.
- ટ્રેડ શો માં ચારે બાજુ વિવિધ સ્ટોલ અને ચીજવસ્તુઓ પર ગુજરાતી ભાષા છવાઈ.
- ટ્રેડ શોની આસપાસ આડેધડ પાર્કિંગ થતા સ્થાનિક રહીશો પરેશાન.
- મુલાકાતીઓ ટ્રેડ શો માં વાઈ-ફાઈનો બહોળો ઉપયોગ કરી રહ્યા છે.

વાઈબ્રન્ટ ટ્રેડ શૉમાં મુલાકાતીઓની ત્રીજા દિવસે ભારે ભીડ

ગાંધીનગર, તા. ૧૦

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શૉ જોવા આવતા મુલાકાતીઓમાં આજે ભારે ભીડ જોવા મળી હતી. વહેલી સવારથી જ શાંત ગાંધીનગરમાં ભારે ટ્રાફિક જામ જોવા મળ્યો હતો. મોટી સંખ્યામાં ગાંધીનગર પ્રદર્શન ખાતે મુલાકાતીઓ ઉમટી પડતા અનેરો નજારો જોવા મળ્યો હતો.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શૉ માં ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાત, અમદાવાદ, રાજકોટ, જામનગર સહિત દૂર-દૂરથી મુલાકાતીઓ ઉમટી રહ્યા છે અને જેને લઈ હાલ ગાંધીનગરના સેક્ટરોમાં વાહનોનો ખડકલો જોવા મળી રહ્યો છે. જેથી સેક્ટરના સ્થાનિક રહિશો પણ પરેશાન થઈ ગયા છે.

ટ્રેડ શૉ માં નાના-મોટા સૌ કોઈ મુલાકાત અર્થે આવી રહ્યા છે અને પ્રદર્શનમાં વિવિધ કંપની અને તેમની પ્રોડક્ટની માહિતી મેળવી રહ્યા છે. અને અવનવી માહિતી અને માર્ગદર્શન પણ લઈ રહ્યા છે. બીજી બાજુ લોકો પરિવાર સાથે આ શૉ માં આવી નાની પીકનીક પણ કરી રહ્યા છે. પરંતુ આ સંપુર્ણ પ્રદર્શનમાં મુલાકાતીઓ માટે બેસવાની કોઈ વ્યવસ્થા ન કરવામાં આવતા મુલાકાતીઓનો રોષ પણ જોવા મળ્યો હતો. આ પ્રદર્શનમાં આર્મીની ટેંક, મેટ્રોરેલનો મોડેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે ફોટો પડાવવા માટે પણ ભારે ભીડ જોવા મળી રહી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની ડિઝાઈન તૈયાર કરનાર 'મેઈન હાર્ટ'નો સ્ટોલ પણ ગ્લોબલ ટ્રેડ શૉમાં

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરમાં પ્રવાસી ભારતીય દિવસ નિમિત્તે યોજાયેલ ભારતના સૌથી મોટા ગ્લોબલ ટ્રેડ શૉ માં વિવિધ ક્ષેત્રની વૈશ્વિક જાયન્ટ કંપનીઓના સ્ટોલે મુલાકાતીઓમાં ભારે આકર્ષણ જમાવ્યુ છે. આ ટ્રેડ શો માં આર્કિટેક્ચર એન્જિનીયરીંગ ક્ષેત્રની એક વૈશ્વિક જાયન્ટ કંપની મેઈનહાર્ટનો સ્ટોલ પણ રજુ કરાયો છે. આ કંપની એ છે જેણે ગુજરાત સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ સ્ટેચ્યુ ઓફ યુનિટીની ડિઝાઈન તૈયાર કરી છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી નર્મદા યોજના સરદાર સરોવર સામે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ ફૂટ ઊંચી મૂર્તિ દ્વારા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું સ્થાન સેવ્યુ છે. જ્યારથી તેમનું આ સ્વપ્ન હકીકતમાં આકાર લેવા માટે તૈયાર થઈ રહ્યું છે ત્યારથી પ્રત્યેક ગુજરાતી અને દેશવાસી તેના હૃદયમાં છુપા ગૌરવનો અનુભવ કરી રહ્યો છે. આ સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવુ બનશે ? ક્યારે બનશે ? કોણ બનાવશે ? વગેરે સવાલો સૌના મનમાં ઉદ્‌ભવી રહ્યા છે. આ સ્ટેચ્યુ ઓફ યુનમિટીની ડિઝાઈન વિશ્વમાં અનેક ગગનચુંબી ઈમારતોની ડિઝાઈન બનાવનાર વિખ્યાત 'મેઈનહાર્ટ' કંપની દ્વારા તૈયાર કરાઈ છે અને તેનો સ્ટોલ આ ગ્લોબલ ટ્રેડ શો માં જોવા મળી રહ્યો છે. આ ટ્રેડ શો માં સ્ટેચ્યુ ઓફ યુનિટીની એક પ્રતિકૃતિ પણ મુકવામાં આવી છે.

'મેઈન હાર્ટ' કંપનીનું મુખ્ય મથક સીંગાપોર છે અને આ કંપનીએ સીંગાપોર અને ભારત સહિત અનેક દેશોમાં અસંખ્ય ખ્યાતનામ ગગનચુંબી ઈમારતોની ડિઝાઈન તૈયાર કરેલી છે. આ કંપનીના સ્ટોલમાં વિશ્વભરમાં તૈયાર કરાયેલ આ ઈમારતોને એક સાથે વોલપેપર દ્વારા દર્શાવાઈ છે જેને મુલાકાતીઓ જોયા જ કરે છે.

વાઈબ્રન્ટ ટ્રેડ શૉમાં કોફી શોપને લૂંટ ચલાવવાનો પરવાનો...!!

કોલ્ડ્રીંકસ અને ખાદ્ય સામગ્રીની પ્રાઈસ ટેગ કરતા વધુ કીંમત વસુલાય છે : વી.આઈ.પી. તામજામ વચ્ચે આમ ગુજરાતીમાં પ્રબળ આક્રોશ

ગાંધીનગર, તા.૧૦

ગ્લોબલ ટ્રેડ શૉની કોફી શૉપમાં કોલ્ડ્રીંકસ સહીતની ખાણી પીણીની ચીજવસ્તુઓ પર પ્રિન્ટેડ ભાવ કરતા પણ વધુ રકમ વસુલી મુલાકાતીઓની મજબૂરીનો ફાયદો ઉઠાવાય છે. પ્રાઈસ ટેગ કરતી વધુ પૈસા પડાવવાની આ નીતિ સામે વિઝીટર્સમાં પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે. સરકારી નિયમોની ઐસી-તૈસી કરી ટ્રેડ શૉમાં જાણે ખુદ સત્તાધીશોએ જ વાઈબ્રન્ટ લૂંટ ચલાવવાનો પરવાનો આપી દીધો હોવાની સ્થિતિ સર્જાઈ છે. વી.આઈ.પી. મેનિયાક બનેલા વાઈબ્રન્ટ એકઝીબીશનમાં આમ ગુજરાતીઓને વેલકમ કરવા પાણીની બુંદ પણ નસીબ થતી નથી.

સે-૧૭ના હેલીપેડ મેદાનમાં કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા એકઝીબીશન સેન્ટરમાં વી.વી.આઈ.પી. મહેમાનોની સરભરા માટે ભવ્ય તામ જામ જોવા મળે છે. જયારે આમ નારિકોએ જાણે ડગલે ને પગલે હડધૂત થવું પડે છે. ફૂડકોર્ટમાં શૌચાલયના પાણીનો ઉપયોગ થતો હોવાની સાથે ટ્રેડ શૉમાં આવતા મુલાકાતીઓ પાસેથી કોલ્ડ્રીંકસ અને ખાદ્ય ચીજવસ્તુઓની ખરીદીમાં પ્રિન્ટ ભાવ કરતા રૂ. ૫ થી ૭ વધુ વસુલવામાં આવે છે. આ મામલે આજે ટ્રેડ શૉમાં સ્થિત કોફી શોપમાં પણ તકરાર થતી જોવા મળી હતી. પ્રિન્ટભાવ કરતા વધુ કિંમત ન ચુકવા 'જાગો ગ્રાહક જાગો' ના સ્લોગન સાથે જાગૃતિ અભિયાનની જાહેરાતો કરવામાં આવે છે. બીજી તરફ વાઈબ્રન્ટના ટ્રેડ શૉમાં આવતા આમ ગુજરાતીઓ સરાજાહેર લુંટાય છે. વાઈબ્રન્ટ ફીવરનો પારો ચઢતા નીતિ-નિયમો પણ જાણે નેવે મુકી દેવાયા છે.

મારૂતિ ઈલેકટ્રીક અને પેટ્રોલથી દોડતી કારનું મોડલ લોન્ચ કરશે

ગાંધીનગર, તા.૧૦

ગ્લોબલ ટ્રેડ શૉમાં અનેકવિધ ઈન્ડસ્ટ્રીયલ કંપનીઓ સાથે ઓટો કંપનીએ પણ હીસ્સો લીધો છે. મારૂતિ

સુઝુકી ઈન્ડીયા લીમિટેડ દ્વારા આગામી બે વર્ષમાં લોન્ચ થનારી સ્વીફટ રેન્જ એકસસ્ટેન્જર કારનું મોડેલ પણ ડેમોમાં મુકવામાં આવ્યું છે. આ ઈલેકટ્રીક કાર બેટરી અને પેટ્રોલથી દોડશે નવી ટેકનોલોજીના આધારે કંપની દ્વારા આ કારનું વિશેષ મોડેલ તૈયાર કરવામાં આવ્યું છે. ૧ કલાકના ચાર્જીંગના અંતે કાર ૨૫ કીમી દોડશે. આ ઉપરાંત પેટ્રોલમાં પણ ૪૮ કી.મી. માઈલેજ આપશે. પ્રદુષણ મુકિત માટે સરકાર દ્વારા પણ આ પ્રકારની કારના પ્રોડકશન માટે કંપનીને પ્રોત્સાહીત કરવામાં આવી રહી છે.

માર્ગો પર સડસડાટ દોડતી વૈભવી કાર્સના મોડેલ સાથે વધતા ઘટતા પેટ્રોલ-ડીઝલના દામ અને પ્રદૂષિત થતા એન્વારમેન્ટને લઈને ચિંતા જતાવાઈ રહી છે હજુ પણ મીડલ કલાસ ઘણા પરિવારો માટે કાર ખરીદવાની સાથે તેને દોડતી રાખવાનું મુશ્કેલ હોવાનું મનાઈ રહ્યું છે. આ મામલે ઓટો કંપનીઓએ હવે હાઈબ્રીડ અને પ્રબળ માઈલેજ સપ્લાય કરતી કાર્સના પ્રોડકશન તરફ મીટ માંડી હોવાનું સ્પષ્ટ થયું છે. મારૂતિ સુઝુકી કંપનીના ડીઝાઈન અને ડેવલપમેન્ટ ડીવીઝનના પ્રદીપ રાહીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે કંપની દ્વારા સ્વીફટ તેમજ એકસસ્ટેન્જર નવું મોડલ તૈયાર કરાયું છે. ૬૦૦ સી.સી.ની આ હાઈબ્રીડ કારમાં ૫૫ વોટની ઈલેકટ્રીક મોટર હોવાથી કાર ઈલેકટ્રીક સપ્લાય અને પટ્રોલથી દોડશે નવી ટેકનોલોજી આધારિત આ કાર ૧ કલાકના ચાર્જીંગી ૨૫ કી.મી. દોડશે જયારે ૧ લીટર પેટ્રોલમાં ૪૮ કી.મી. એવરેજ આપશે. સરકાર આ પ્રકારના પ્રોડકશન માટે કંપનીને સબસીડી પણ આપે છે. સરકાર પોલિસી તૈયાર કરે ત્યારબાદ અંદાજિત વર્ષ ૨૦૧૭માં કારનું નવું મોડલ લોન્ચ કરવામાંઆવશે. ગ્લોબલ ટ્રેડ શૉમાં ગુજરાતમાં તૈયાર થતાં કંપનીના નવા પ્લાન્ટનું મોડેલ પણ રજુ કરાયું છે.